# માન. ધારાસભ્યશ્રી ભીખાભાઇ બારૈયાની સ્પીચ

**માન. અધ્યક્ષશ્રી,**

માન. મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબ સન ૨૦૨૪-૨૫ના વર્ષના પાણી પુરવઠા વિભાગના અનુદાન માટે માંગણી નં. ૬૭ના સમર્થનમાં હું આજે મારી વાત રજૂ કરું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં અમારી સરકાર આવી ત્યારથી ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર, તમામ નાગરિકને પ્રાથમિક સુવિધા મળી રહે જેવી કે વિજળી, પાણી અને રસ્તાને અગ્રતા આપેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ પૃથ્વી પર સજીવ માત્રને પાણી વગર જીવન જીવવું અશક્ય છે. પાણી એ ઇશ્વરે આપેલો પ્રસાદ છે. પ્રસાદમાં કોઇ બાકી ન રહે એના માટે અમારી સરકારે રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પુરતા પ્રમાણમાં પીવાનું પાણી આપવા અથાગ પ્રયત્નો કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા સરદાર સરોવર નર્મદા કેનાલ અને ભુગર્ભ જળ આધારિત વ્યક્તિગત/જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૨૦૦ કિ.મી.ની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઉભુ કરી દેવામાં સૌ પ્રથમ રાજ્યવ્યાપી પાણી પુરવઠાનું નેટવર્ક ઉભુ કરી દેશમાં અત્યાર સુધીમાં રાજયના ૧૪,૯૨૬ ગામો અને ૨૪૧ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં અમારી રાજય સરકારને સફળતા મળી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

છેલ્લા બાવીસ વર્ષમાં અમારી સરકારે તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં નવીન તેમજ સુધારણા જુથ યોજનાના કામો કરવામા આવી રહેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મને જણાવતા આનંદ થાય છે કે અમારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણીની જરૂરીયાતને પહોંચી વળવા ઢાંકીથી નાવડા, નાવડા–બોટાદ–ગઢડા–ચાવંડ, ચાવંડ–ધરાઈ–ભેંસાણ અને બલ્ક પાઈપલાઈનના કામો હાથ ધરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

~~માન. અધ્યક્ષશ્રી~~, હું જે વિસ્તારમાથી આવુ છું ત્યાની પીવાના પાણીની વ્યવસ્થા બાબતે આ સદનને જણાવતા મને આનંદ થાય છે,

ભાવનગર જીલ્લાના કુલ ૧૦ તાલુકાઓના ૬૬૧ ગામો તથા ૧૬ શહેરોની કુલ અઢાર ૨[illegible].[illegible] લાખની વસ્તી નર્મદા તથા અન્ય સ્ત્રોત આધારિત છે. ભાવનગર જીલ્લાનાં ૬૬૧ ગામો પૈકી તમામ ગામોને નર્મદા તથા અન્ય સ્ત્રોત આધારીત ૧૨ જુથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. આ તમામ ગામોને નવીન/સુધારણા યોજના જુથ યોજના હેઠળ આવરી લેવા માટેના કામોનું અમલીકરણ અમારી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મારા મત ~~વિસ્તારના~~ વિસ્તારની વાત કરું તો પાલીતાણા તાલુકાના તમામ ૭૯ ગામો નર્મદા આધારીત વિવિધ જુથ યોજનાઓ હેઠળ પાણી પુરવઠો મેળવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મારા વિસ્તાર માટેની હાથ ધરવામા આવેલ વિવિધ જુથ યોજનાની વાત કરુ તો....

1. પાલીતાણા તાલુકાના ૧૧ ગામોનો સમાવેશ કરતી પાલીતાણા ભાગ ૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના અંદાજીત રકમ રૂ. ૨૩.૨૫ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

2. પાલીતાણા તાલુકાના ૧૧ ગામોનો સમાવેશ કરતી પાંડેરીયા ભાગ ૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના અંદાજીત રકમ રૂ. ૨૩.૨૫ કરોડના કામો હાલ ચાલું છે.

૩. પાલીતાણા તાલુકાના ૫૭ ગામોનો સમાવેશ કરતી ચોરવડલા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના અંદાજીત રકમ રૂ. ૫૪.૪૭ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

૪. હાલમાં જીવાપુર જૂથ યોજના થકી માન. અધ્યક્ષશ્રી મારા વિસ્તારના ગામોને પાણી મળી રહેશે.

**માન. અધ્યક્ષશ્રી,**

માન. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટીના કારણે સરદાર સરોવર નર્મદા કેનાલ કે અન્ય જુથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવા તથા "નલ સે જલ" કાર્યક્રમ અંતર્ગત જ્યાં જરૂરિયાત હોય તેવા ગામના ફળિયાઓને જુથ યોજના સાથે જોડવાની કામગીરી કરવાનો પણ નિર્ણય કરી અમલીકરણની કાર્યવાહી અમારી સરકારે હાથ ધરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

"જલ જીવન મિશન" અંતર્ગત "નલ સે જલ" યોજનામાં ગુજરાત રાજયના તમામ ઘરોમાં નળ દ્વારા પીવાનું પાણી પુરુ પાડવા માટે જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં કુલ ૧૯૫૦૦ મીની પાઇપ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. જે પૈકી ૧૭૫૦૦ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા એક વર્ષમાં ૧૧૧૦ કરોડની ૮૩૯ ગામોને આવરી લેતી ૨૦ યોજનાઓ પૂર્ણ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે રાજયકક્ષાએ ૧ લેબોરેટરી તથા દરેક જિલ્લા કક્ષામાં ૧ એમ કુલ ૩૩ લેબોરેટરી અને તાલુકા કક્ષાએ ૪૬ લેબોરેટરી અમારી સરકારે કાર્યરત કરેલ છે. આ ઉપરાંત દર વર્ષે કુલ ૪ લાખથી વધુ પાણીના નમુનાઓ તપાસવામાં આવેલા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગત એક વર્ષમાં રૂ. ૯૭૦ કરોડની ૧૯ યોજનાઓ જેમાં ૫૦ લાખ લોકોને જુથ યોજનાનો લાભ પહોંચશે તેવા કામોના ખાતમુહુર્ત કરવામાં આવેલ છે. જયારે રૂા. ૫૫૦ કરોડની ૧૧ યોજનાઓનુ લોકાપર્ણ કરવામાં આવેલ છે. પુર્ણ કરેલ યોજનાઓ પૈકી ૧૧ યોજનાના ૮૨૩ ગામોના ૪૦ લાખ લોકોને આશરે ૪૦૦ એમ.એલ.ડી પાણી જુથ યોજનાઓ સ્વરુપે ઉપલબ્ધ બનતા જળસલામતી સુરક્ષિત બનેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ ૨૭ કરોડ લીટરના (૨૭૦ એમ.એલ.ડી.) ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાના કામો પ્રગતિ હેઠળ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય દ્વારા તા: ૨૮-૫-૨૦૧૮ના રોજ ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુન: ઉપયોગ અંગેની નીતિ જાહેર કરવામા આવેલ છે. આ નીતિનું ધ્યેય ગટરના ગંદા પાણીનું મહત્તમ એકત્રીકરણ કરવું, તેનુ શુધ્ધિકરણ કરી પીવા સિવાયના અન્ય હેતુ જેવા કે ઔદ્યોગિક વપરાશ, બાગ-બગીચા, બાંધકામ જેવા હેતુસર ઉપયોગ કરી શુધ્ધ પાણીના જળસંસાધનો પરની નિર્ભરતા ઘટાડવાનું છે. આ અંતર્ગત કુલ ૮૫૬ એમ.એલ.ડી. પાણીનો પુનઃ ઉપયોગ શરૂ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં હાલ ૩૩ જીલ્લાના કુલ ૨૪૧ તાલુકામાં તાલુકા કક્ષાની આઈ.ટી.આઈ કેન્દ્રો મારફત કુલ ૧૩૭૦૦ ઓપરેટરોને ગ્રામીણ પાણી

પુરવઠાની મરામત અને નિભાવણી માટે તાલીમ આપવામાં આવેલ છે અને કુલ ૧૩૭૦૦ ટુલકીટ ફાળવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આમ, રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે જેના પરીણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તા યુક્ત પુરતા જથ્થામાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આગામી સમયમાં પણ આ વિભાગ દ્વારા વધુને વધુ ઉત્તમ કામગીરી કરવામાં આવશે જ એવો વિશ્વાસ વ્યક્ત કરી પાણી પુરવઠા વિભાગની માંગણીઓ પરની ચર્ચાનું પૂર્ણ સમર્થન કરી આ બજેટને ફરી મારું સમર્થન જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત**